સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો
ખોટી રીતે અપાયેલ જાતિના પ્રમાણપત્રો રદ
કરવા તથા કાયદાકીય કાર્યવાહી કરવા બાબત.

૧૭૪૫-૫૭
૨૨-૧૧-૯૫

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સશપ / ૧૪૯૪ / ૨૦૨૦ / ચ
સચિવાલય, ગાંધીનગર
તા. ૬-૧-૯૫

વંચાણે લીધા:-

૧. મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્ર: બીસીઆર. ૧૦૭૮ / ૨૨૪૫૮ / છ તા. ૧-૪-૭૮
૨. મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગનો ઠરાવ ક્ર : બીસીઆર. ૧૦૭૮ / ૨૪૩૮ (૭૯) છ તા. ૧૫-૨-૭૯
૩. નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્ર નં. વિજાક / જન. ૯/ ૯૪-૯૫ / ૨૫૦૮ તા. ૨૨-૯-૯૪

ઠરાવ:-

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને જાતિ પ્રમાણપત્ર આપવા માટે સરકારે નીચે મુજબના અધિકારીઓને ઉપરોક્ત વંચાણમાં લીધેલ તા. ૧-૪-૭૮ તેમજ તા. ૧૫-૨-૭૯ ના ઠરાવથી સત્તાઓ આપેલ છે. જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીએ જાતિ પ્રમાણપત્ર આપતા અગાઉ રજુ થયેલ પુરાવાઓની પુરતી ચકાસણી કરીને તેમને સંતોષ થાય તો જાતિ પ્રમાણપત્ર આપવાનું હોય છે. આમ છતાં અનુભવે જણાયેલ છે કે અપુરતી માહિતીના લીધે અથવા પુરતી ચકાસણી ના અભાવે જે જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે છે તેમાં ખોટા અથવા શંકાસ્પદ પ્રમાણપત્રો પણ અપાઈ જતાં હોય છે. આવાં ખોટા / શંકાસ્પદ પ્રમાણપત્રો રદ કરવાની સત્તા તેમજ સંબંધીત વ્યકિત સામે કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તા આપવાની બાબત વિચારણામાં હતી. પુખ્તવિચારણાને અંતે શંકાસ્પદ પ્રમાણપત્રોને રીવ્યુ કરવાની તેમજ ખોટાં પ્રમાણપત્રો રદ કરવાની તથા સંબંધીત વ્યકિત સામે કાયદાકીય

કાર્યવાહી કરવાની સત્તા આથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. વી. સુથાર
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ,

માન.નાયબ મુખ્યમંત્રીશ્રી (સા.શૈ.પ.વ. ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.રાજયકક્ષા મંત્રીશ્રી, સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

બધા કલેકટરશ્રીઓ / બધા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

( તેમના તાબા હેઠળની કચેરીઓને જાણ કરવા સારુ )

સચિવાલયના સર્વે વિભાગો ( તેમના તાબા હેઠળની કચેરીઓને જાણ કરવા સારુ)

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુ.રા. ગાંધીનગર
તરફ જાણ તેમજ જરુરી કાર્યવાહી સારુ.

હિસાબી અને લેખન અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ

નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.

X રજીસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

X સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.

X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

સમાજ કલ્યાણ વિભાગની બધી શાખાઓ તરફ

સિલેકટ ફાઈલ, ચ શાખા